**મે.એમ.એમ.અગ્રવાલ ન્યાયાધીશશ્રી, શ્રમ અદાલત અને એકસ ઓફિસીયો કમીશ્નર ફોર ધ એમ્પ્લોઈઝ કોમ્પેન્સેશન, મહેસાણા.**

ડબલ્યુ.સી. પરચુરણ કેસ નં. ૨/૨૦૧૮
આંક–૨૧

અરજદાર :– ગુજરનાર નાગરભાઈ ઉર્ફે નાગજીભાઈ હરગોવનદાસ પટેલના વારસદારો

(૧) અલકાબેન નાગરભાઈ પટેલ

(૨) કરીશ્માબેન નાગરભાઈ પટેલ

(૩) હાર્દિકકુમાર નાગરભાઈ પટેલ

તમામ રહે.૪૩, ગંગોત્રી સોસાયટી, રેલ્વે ફાટક પાસે,

ન્યુ રાણીપ, અમદાવાદ.

// વિરૂધ્ધ //

સામાવાળા :– (૧) કાર નં.જીજે–૧–કેસી–૭૫૧૮ ના માલિક,

મહેશભાઈ નાથાલાલ પટેલ

રહે.ઓ–૧૦૪, અભિષેક એપાર્ટમેન્ટ,

ગણેશ વિદ્યાલયની સામે, નવાવાડજઈ રાણીપ રોડ, અમદાવાદ.

(૨) કાર નં.જીજે–૧–કેસી–૭૫૧૮ની વિમા કંપની,

બજાજ એલાયન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કાું, લી.

પ્રથમ માળ, રાજેન્દ્ર કોમ્પલેક્ષ, હાઈવે, મહેસાણા.

<u>પ્રતિનિધિ</u> :–

| | | |
|---|---|---|
| અરજદારો તરફે | :– | વિ.વકીલશ્રી પી.એમ.રંગવાલા. |
| સામાવાળા નં.૧ તરફે | :– | વિ.વકીલશ્રી એમ.આર.ગુર્જર. |
| સામાવાળા નં.૨ તરફે | :– | વિ.વકીલશ્રી એસ.જી.શાહ. |

**// આંક–૧ ની વિલંબ માફની અરજી લગત હુકમ //**

**(૧)** આ કામે અરજદારોએ આ અરજી કામદાર વળતર ધારા હેઠળ વળતર અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે કરેલ છે. અરજદારે તેમની વિલંબ માફીની અરજીમાં જણાવેલ છે કે, અરજદારના પતિ નાગરભાઈ આ કામના સામાવાળા નં.૧ ના વાહનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા તે સમય દરમ્યાન અકસ્માતમાં થયેલ ઈજાના કારણે તા.૨૩/૯/૨૦૧૦ના રોજ મરણ નીપજેલ. સદર અકસ્માત વળતર

મેળવવા માટે તેઓએ વળતર અરજી દાખલ કરવામાં ૨૦૪૨ દિવસનો વિલંબ થયેલ છે તેથી કાયદાકીય ગુંચ નીવારવા સારૂ આ વિલંબ માફની અરજી નીચેના કારણોસર માફ કરવા અરજ ગુજારેલ છે. અરજદારે તેઓની વિલંબ માફની અરજીના કારણોમાં જણાવેલ છે કે અરજદારો અભણ અને અજ્ઞાન વ્યકિત હોઈ વળતર અરજી બે વર્ષમાં દાખલ કરવી પડે તેવી તેઓને જાણ નહોતી તેથી સદર વિલંબ માફ કરવા અરજ ગુજારેલ છે. ગુજરનારના અવસાનને કારણે અરજદારે આર્થિક અને શારીરીક રીતે અમસર્થ વ્યકિત હોઈ તેમજ સામાવાળાના ભરોસે રહીને અરજદારો સમયસર વળતર અરજી દાખલ કરી શકેલ નથી તેમજ આ કામના સામાવાળાઓએ અરજદારોને આજદીન સુધી કોઈજ વળતર ચુકવી આપેલ નથી. તેમજ અરજદારોએ મે.મહેસાણાના મોટર એકસીડેનટ કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ કરેલ એમ.એ.સી.પી. નં.૯૨૩/૧૦ ની તેઓએ કામદાર વળતર ધારા નીચે વળતર માંગવા સારૂ પરત ખેંચેલ છે. તેમજ ગુજરનાર નાગરભાઈ ઉર્ફે નાગજીભાઈના મરણ બાદ તમામ અરજદારો ઘેરા શોકમાં ડુબેલા હોઈ તેથી પણ વિલંબ માફ થવાને પાત્ર છે. અકસ્માત સમયે અરજદાર નં.૨ તથા નં.૩ સગીર હોવાથી સમયસર વિલંબ માફની અરજી દાખલ કરી શકેલ નથી. આમ ઉપરોકત જણાવેલ કારણોસર અરજદારે રજુ કરેલ વળતર અરજ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરી મુળ અરજી ગુણદોષ પર ચલાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ અપાવવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૨) આ કામે સામાવાળા નં.૧ ને નોટીસ બજી જતાં સામાવાળા નં.૧ નાએ હાજર થઈ આંક–૭ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારોએ સૌ પ્રથમ એમ.એ.સી.પી.દાખલ કરેલ હતી પરંતુ સદર અરજીમાં તેઓએ કઈપણ જગ્યાએ ગુજરનાર સામાવાળાને ત્યાં નોકરી કરતા હોય તેવો ઉલ્લેખ કરેલ નથી તેથી ઈન્સ્યોરન્સ કંપનીએ વાંધો ઉઠાવતા તેઓએ સદર અરજી પરત ખેંચી હાલની આ અરજી કરેલ છે. ગુજરનાર નાગરભાઈ હરગોવનદાસનાઓ સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોવાની ખોટી હકીકત જણાવેલ છે જેથી આ અરજીની હકીકત ખોટી હોઈ સદર અરજી ટકવાપાત્ર ન હોઈ તેમજ સદર અરજી દાખલ કરવામાં ૨૦૪૨ દિવસનો વિલંબ માફ કરવાની અરજી નામંજુર કરવા તેમજ કાયદા મુજબ ચાલવા પાત્ર નથી તેમ જણાવી અરજદારોની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નિ.૮/૧ થી એમ.એ.સી.પી. નં. ૯૨૩/૨૦૧૦ મહેસાણાના ટ્રીબ્યુનલ સમક્ષ કરેલ તેના હુકમની નકલ રજુ કરેલ છે.

(૪) આ કામે અત્રેની અદાલત ધ્વારા વારંવાર જવાબ રજુ કરવા મુદત આપવા છતા સામાવાળા નં.૨ તરફે જવાબ રજુ ન કરતા છેવટે આખરી તક આપવા સારૂ સામાવાળા નં.૨ ને જવાબનો હકક રજુ કરવા અગાઉના વિ.કમિશ્નરશ્રીએ આખરી મુદત આપેલ છે. આ કામે સામાવાળા નં.૨ તરફે જવાબ રજુ કરવા ફરીથી મુદત માંગતા મારી અગાઉના કમીશ્નરશ્રીએ અરજદારે તા.૨૧/૭/૧૮ના રોજ સામાવાળા નં.૨ નો જવાબનો હકક બંધ કરવાની અરજીમાં મારી અગાઉના કમીશ્નરશ્રીએ સાંભળવા પર રાખેલ. સામાવાળા નં.૨

તરફે આજરોજ જવાબ રજુ ન થતા સામાવાળા નં.ર નું જવાબનુ સ્ટેજ બંધ કરવામાં આવેલ છે. આ કામે સામાવાળા નં.ર તરફે આંક-૧૭ થી જવાબનો હકક રેકર્ડ પર લેવા અરજી આપેલ જે અરજી ઉપર અરજદારે વાંધો નથી તેવો શેરો કરતા અગાઉના કમિશ્નરશ્રીએ અરજદાર તરફે શેરો વંચાણે લેતા અરજદાર તરફે વાંધો ન હોઈ સામાવાળા નં.ર નો જવાબ રેકર્ડ પર લેવામાં આવેલ છે.

(૫) આ કામે સામાવાળા નં.ર તરફે આંક-૧૮ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારને આ કે આવા પ્રકારની અરજી કરવા કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોઈ અરજી અરજી રદ કરવા જણાવેલ છે. અરજદારની અરજીને ૨૦૪ર દિવસનો વિલંબ થયેલ હોઈ અરજદારે વિલંબ અંગેના કોઈ વ્યાજબી કારણ કે ખુલાસો કરેલ ન હોઈ તેથી પણ અરજદારની અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે તેઓની વિલંબ માફીની અરજીના પેરા-ર થી ૬ માં જણાવેલ હકીકતો ઔપચારીક હોઈ તેનો કોઈ જવાબ આપવામાં આવતો નથી. સામાવાળા નં.ર નાએ તેઓના જવાબમાં જણાવેલ છે કે ગુજરનાર પેઈડ ડ્રાઈવર હોવા અંગેની હકીકત ખોટી છે અને મોટર અકસ્માત અંગેની અરજી દાખલ કર્યાના લાંબા સમય પછી હાલની અરજી દાખલ કરેલ છે અને હાલની વિલંબ માફની અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપવા માટે કોઈ વ્યાજબી કારણો આપવામાં આવેલ નથી અને ૨૦૮૨ દિવસનો વિલંબ થયાની બાબતની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી હોઈ અરજી રદ કરવા જણાવેલ છે. સામાવાળા નં.ર નાએ વધુમાં જણાવેલ છે કે ગુજરનાર એમ.વી.એકટની કલમ-૧૧૦ મુજબ સલામતી પટ્ટો પહેર્યા વિના ડ્રાઈવર હતો જેમાં તેઓની આકસ્મિક ઈજાઓ માટે સંપુર્ણપણે બેદરકારી દાખવી હતી જેથી સામાવાળા નં.ર કોઈ વળતર ચુકવવા જવાબદાર નથી. વધુમાં સામાવાળા નં.ર નાએ અરજદારને ટ્રીબ્યુનલ સમક્ષ કે.વાય.સી.દસ્તાવેજ તથા હાર્ટ ફોર્મ રજુ કરવા જણાવેલ છે. અરજદારો મુળ અરજી દાખલ કરવામાં થયેલ વિલંબને કારણે બિન જરૂરી વિલંબ માટે વ્યાજ તેમજ કોઈપણ વળતર સામાવાળા નં.ર પાસેથી મેળવવા હકકદાર નથી. અરજદારોની મુળ અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ તેઓની ભુલ કારણે થયેલ હોઈ તેઓ સામાવાળા નં.ર પાસેથી કોઈપણ જાતનું વળતર મેળવવા હકકદાર બનતા ન હોઈ અરજદારોની વિલંબ માફની અરજી રદ કરવા જણાવેલ છે.

(૬) આ કામે સામાવાળા નં.ર તરફે નિ.૧૯/૧ થી નિ.૧૯/૪ થી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં પટેલ અલકાબેન નાગરભાઈએ ઈન્વેસ્ટીગેટર રૂબરૂ આપેલ નિવેદનની નકલ, મહેશભાઈ નાથાલાલ પટેલે ઈન્વેસ્ટીગેટર રૂબરૂ આપેલ નિવેદનની ઝેરોક્ષ નકલ, સરોજબેન વિષ્ણુભાઈ પટેલે પોલીસ રૂબરૂ આપેલ નિવેદનની ઝેરોક્ષ નકલ તેમજ શાન્તાબેન સોમાભાઈ પટેલે પોલીસ રૂબરૂ આપેલ નિવેદનની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આ કામે અરજદાર તરફે આંક-૨૦ થી મૌખિક પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરસીસ આપેલ છે. ત્યારબાદ સદર કામે સામાવાળા નં.૧ તથા નં.ર કોઈ હાજર રહેતા ન હોઈ અરજદારની આંક-૨૧ ની અરજી અન્વયે અગાઉના વિ.કમીશ્નરશ્રી ધ્વારા સામાવાળાઓનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

આ કામે સદર કામ અરજદારોની દલીલોના સ્ટેજ પર મુકરર કરવામાં આવેલ. પોકાર કરતા અરજદાર તથા સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર ન રહેતા અરજદાર તથા સામાવાળા નં.૧ ની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે જયારે સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રી એસ.જી.શાહની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ હુકમ પર લેવામાં આવેલ છે.

(૬) આ કામે અરજદારની હાલની અરજી કામદાર વળતર ધારા મુજબ વળતર મેળવવા સબબ કેસ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા આપેલ છે. અરજદાર સામાવાળાને ત્યાં ડ્રાઈવર તરીકે માસીક રૂા.૬૦૦૦/– ના પગારથી નોકરી કરતા હતા તા.૨૩/૧૦/૦૯ના રોજ ગુજરનાર નાગરભાઈ કાર ચલાવીને જતા હતા ત્યારે મહેસાણા–રાધનપુર જતા પાંચોટ રોડ ઉપરથી વસાર થતા હતા ત્યારે બપોરના અરસામા પાંચોટ ગામ નજીક હાઈવે રોડ ઉપર ગાડી ઈલેકટ્રીક લાઈનના લોખંડના થાંભલાને અથડાતા અકસ્માત થતા ઈજાઓ થવાના કારણે ચાલુ સારવાર દરમ્યાન મરણ નીપજેલ હતુ. સદર અકસ્માત તા.૨૩/૧૦/૦૯ ના રોજ બનેલ છે અને અરજદારોએ વળતર મેળવવા કાયદામાં જણાવેલ સમય મર્યાદામાં કેસ દાખલ કરવો જોઈએ. પરંતુ તેઓએ તેમના પતિ ગુમાવેલ છે, અરજદાર નં.૨ અને ૩ નાઓએ તેમના પિતા ગુમાવેલ છે અને આ સંજોગોમાં કાયદાની આંટીઘુંટીથી તેઓ અજાણ હતા અને હાલ તેઓ માનસીક અને આર્થિક મુશ્કેલી ભોગવી રહેલ છે. તેમજ અરજ કરવામાં થયેલ વિલંબના કારણો તેઓ અરજદારોને મળેલા અધિકારો બાબતથી અજાણ હોઈ તેમજ તેઓ અરજદાર નં.૧ ના કુટુંબમાં કોઈ જવાબદાર વ્યકિત કે જે નામદાર કોર્ટ સમક્ષ કરતી કાર્યવાહી કરી શકે તેમ ન હોઈ ૨૦૪૨ દિવસ જેટલો વિલંબ થયેલ છે. તેમજ કાબુ બહારના સંજોગોને કારણે તેઓ વળતર અરજ સમયસર દાખલ કરી શકેલ નહી તેમ જણાવી વિલંબ માફ કરવામાં ન આવે તો આવનાર દિવસોમાં પુરી ન શકાય તેવું આર્થિક નુકસાન અને તેઓના પરીવારનું ભવિષ્ય અંધકારમય થવાની શકયતાઓ નિવારી શકાય તેમ નથી તેમ જણાવી વિલંબ માફ કરવા અરજ ગુજારેલ છે. અરજદારે તેઓની અરજી નીચે સોગંદનામુ કરેલ છે તેથી અરજદારોએ જણાવેલી હકીકત નહી માનવાને કોઈ કારણ નથી. આ કામે સામાવાળાએ તેઓના જવાબમાં જે તકરાર લીધેલ છે તે એક પુરાવાનો વિષય છે અને જે તકરાર લીધેલ છે તેનો નિર્ણય પુરાવો લીધા સિવાય થઈ શકે તેમ નથી. વધુમાં કામદાર વળતર ધારો તે સામાજીક ન્યાય અને કલ્યાણનો કાયદો છે. કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર વિલંબ માફની અરજીનો નિર્ણય કરતી વખતે બહુ ટેકનીકલ ન બનતા લીબરલ વ્યુહ અપનાવવો જોઈએ. તેમજ જો અરજદારોની અરજી મંજુર કરવામાં આવે તો સામાવાળાને નુકસાન થાય તેમ નથી અને વળતર અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય થાય તેમ છે. જયારે વિલંબની અરજી નામંજુર કરવામાં આવે તો અરજદારને વળતર મેળવવાનો હકક કાયમ માટે ડુબી જાય તેમ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારે વિલંબ માટેનું જે કારણ જણાવે છે તે કારણ યોગ્ય વ્યાજબી અને સંતોષકારક જણાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

(૧) અરજદારોની વિલંબ માફીની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારોની વળતર અરજી રજુ કરવામાં થયેલ વિલંબ આથી માફ કરવામાં આવે છે અને હાલની અરજી સાથે રજુ કરેલ વળતરની અરજી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૯, માહે–માર્ચ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: મહેસાણા।
તા.૨૯/૦૩/૨૦૨૫

( મીમાંશા મહેશભાઈ અગ્રવાલ )
GJ01382
ન્યાયાધીશ, શ્રમ અદાલત અને એકસ ઓફીસીયો
કમિશ્નર ફોર ધ એમ્પ્લોઈ કોમ્પનસેશન, મહેસાણા।.